# લોક વાચા

**નાગરિકોના વિકાસલક્ષી પ્રયાસોને ઉજાગર કરતી માસિક પત્રિકા**

**વર્ષ : ૨ અંક: ૬ ફેબ્રુઆરી – એપ્રિલ ૨૦૧૨**

ઉન્નતિ



**સંપાદક ટીમ:**
ઈસુદાસ વાઘેલા, નેહા પંડ્યા, રોશન ગભણે,
જ્યોતિ મુંદરી, હિતેન્દ્ર ચૌહાણ




## 13મું નાણાપંચ અને નાણાપંચની જોગવાઈઓ વિશેની માહિતી

### પ્રસ્તાવના

લોકવાચાનાં પાછલાં અંકમાં અમે ગુજરાતમાં પંચાયત ધારો (1993)ની મુખ્ય લાક્ષણિક્તાઓ, પંચાયતના પ્રતિનિધિઓની સત્તા, અધિકારો, ફરજો અને પંચાયતની સમિતિઓ વિશેની જાણકારી આપવામાં આવી હતી, જે આપ સર્વને ઉપયોગી નિવડી હશે.

ગામનાં વિકાસ માટે ચૂંટાયેલા પ્રતિનિધિઓને આપવામાં આવેલ સત્તા, અધિકારો અને ફરજોની સાથે સાથે નાણાકીય સ્રોત પણ જરૂરી છે. આ અંકમાં 13મું નાણાપંચ અને નાણાપંચની જોગવાઈઓ, તેમાં થયેલ ફાળવણીની રકમ, નાણાપંચ શું છે, તેનો ઉદ્દેશ્ય શું છે અને આગામી વર્ષોમાં 13માં નાણાંપંચમાંથી ગ્રામ પંચાયત કેવા કેવા પ્રકારનાં કાર્યો કરી શકે તે અંગેની માહિતી આપવામાં આવેલ છે. જેના દ્વારા ગામના વિકાસનાં કાર્યો સરળતાથી અને ઝડપથી કરી શકાય.

### નાણાપંચ

ભારતમાં સમવાય બંધારણની કલમ 280 (ક)માં જણાવ્યાં અનુસાર ભારતની બદલાતી જતી આર્થિક અને સામાજિક પરિસ્થિતિને અનુરૂપ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર વચ્ચે નાણાંકીય વહેંચણીમાં ફેરફાર કરવા નાણાપંચની નિમણુંક કરવાની જોગવાઈ કરવામાં આવે છે.

આ બંધારણનો અમલ શરૂ થાય ત્યાર પછી બે વર્ષની અંદર અને ત્યાર પછી દર પાંચ વર્ષે અથવા રાષ્ટ્રપતિ ઈચ્છે તો તે પહેલા એક નાણાપંચની નિમણુંક કરવાની જોગવાઈ કરવામાં આવી છે. આ પંચમાં એક અધ્યક્ષ તથા ચાર અન્ય સભ્યોનું બનેલું હોય છે. ભારત લોકશાહી દેશ છે. દેશની તથા રાજ્યની નાણાકીય ગતિ શું છે તે નાણાપંચના અહેવાલથી જાણી શકાય છે. દેશમાં નાણાપંચની નિમણુંક રાષ્ટ્રપતિ કરે છે, રાજ્યનાં નાણાપંચની નિમણુંક રાજ્યપાલ કરે છે. વિકાસ અને નાણાના નિષ્ણાંતો સભ્ય બને છે. આવા સભ્યોની લાયકાત સંસદ સભ્યો કાયદો પસાર કરી નક્કી કરે છે. નાણાપંચની મુદ્દત 5 વર્ષની હોય છે. રાજ્યમાં આવકનો વધુ હિસ્સો વિકાસના કામો માટે ઉપયોગમાં લઈ શકાય તે હેતુસર સરકારે સરકારી ખર્ચમાં કરકસર કરવાની નીતિ અમલમાં મૂકી છે. ગ્રામ પંચાયત આર્થિક રીતે પગભર થાય તે માટે દેશમાં આયોજન પંચ તથા નાણાપંચની શરૂઆત 1951માં થઈ. આ પંચ કેન્દ્ર તથા રાજ્ય સ્તરે નિમવામાં આવે છે.

### 13મું નાણાપંચ

1951થી અત્યાર સુધી કુલ બાર નાણાપંચ નિમણુંક થયેલા છે. હાલમાં 2010-2015નાં સમયગાળા માટે 13માં નાણાપંચની રચના કરવામાં આવેલ છે.

કેન્દ્રીય 13માં નાણાપંચની ભલામણ અનુસાર રાજ્ય સરકારની પંચાયતો માટે 2010-2015ના સમયગાળા માટે કુલ રૂ. 2333.10 કરોડની ફાળવણી કરવાનું કેન્દ્ર સરકારે સ્વીકારેલું છે. ઉપરોક્ત રકમમાંથી ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતોના હિસાબે અને જાળવણી તેમ જ પંચાયતોની નાણાકીય સ્થિતીનો ડેટાબેઝ તૈયાર કરવાની કામગીરી તથા પંચાયતો દ્વારા પૂરી પાડવામાં આવતી નાગરિક સેવા વિતરણની કામગીરી તથા સ્વચ્છતાના કામો કરવાના રહેશે.

કેન્દ્ર 13માં નાણાપંચે રાજ્યોને વહેંચણીપાત્ર ગ્રાન્ટના બે ભાગ પાડેલ છે - (1) સામાન્ય ગ્રાન્ટ, (2) કામગીરી આધારિત ગ્રાન્ટ. રાજ્યને

13માં નાણાપંચના સમયગાળા 2010-11થી 2014-15ના પાંચ વર્ષના ગાળા દરમ્યાન ગ્રાન્ટ પેટે રૂ. 1525.40 કરોડ અને કામગીરી આધારિત ગ્રાન્ટ પેટે રૂ. 807.70 મળીને કુલ રૂ. 2333.10 કરોડની ગ્રાન્ટ મળવા પાત્ર થશે. કામગીરી આધારિત ગ્રાન્ટ મેળવવા માટે રાજ્યોએ કેન્દ્રીય નાણાપંચે મુકેલ કેટલીક શરતોનું પાલન કરવાનું રહેશે. 13માં નાણાપંચની ભલામણોની અમલવારી 2010-11થી કરવાની રહે છે. કેન્દ્ર સરકાર તરફથી મળનાર માર્ગદર્શક સૂચનાઓ બાદ રાજ્ય સરકાર વિગતવાર દિશા-નિર્દેશો બહાર પાડનાર છે, તેને ધ્યાને લઈ પછી રાજ્ય સરકાર દ્વારા બહાર પાડવામાં આવશે, હાલમાં પ્રથમ હપ્તાની ગ્રાન્ટનો ઉપયોગ કરવા નીચે મુજબ નક્કી કરવામાં આવ્યું છે.

જિલ્લાને મળનાર કુલ ગ્રાન્ટમાંથી 70 ટકા ગ્રાન્ટ ગ્રામ પંચાયતને વહેંચવાની રહેશે. 15 ટકા ગ્રાન્ટ તાલુકા પંચાયતને અને 15 ટકા ગ્રાન્ટ જિલ્લા પંચાયતને વહેંચવાની રહેશે. એટલે કે ઉદાહરણ તરીકે એક જિલ્લાને રૂ. 100 મળશે તો રૂ. 70 ગ્રામ પંચાયતને રૂ. 15 તાલુકાને, રૂ. 15 જિલ્લા પંચાયતના ભાગમાં આવશે. વિકાસ કમીશનર શ્રીએ તેઓના હવાલે મુકેલ ગ્રાન્ટ 2001ની વસ્તી ગણતરીની અધિકૃત ગ્રામ્ય વસ્તીના આંકડાઓના આધારે જિલ્લાઓને ફાળવવાના રહેશે.

**જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ જિલ્લાને ફાળવવામાં આવેલ ગ્રાન્ટ પૈકી**

(1) ગ્રામ પંચાયતોને ફાળવવાની થતી ગ્રાન્ટ 70 ટકા વહેંચણી ગ્રામ પંચાયતો લઈ ગ્રામ વસ્તી અનુસાર કરવાની રહેશે. બાકીના 30 ટકા તાલુકા અને જિલ્લા જેમાં તાલુકાને પણ 2001ના ગ્રામ્ય વસ્તીના અધિકૃત આંકડાને આધાર તરીકે લઈને કરવાની રહેશે.

**ખાસ વિસ્તાર માટેની ગ્રાન્ટ:**
ફક્ત ખાસ વિસ્તારમાં સમાવિષ્ટ ગ્રામ પંચાયત માટે જ રહેશે અને તે ગ્રાન્ટની દરેક ગ્રામ પંચાયતને માથા દિઠ રૂ. 20 લેખે ફાળવણી કરવાની રહેશે. આ યોજના હેઠળ હાથ ધરાવવાના કામો ગ્રામ પંચાયતોએ ગ્રામ સભાની બેઠકમાં રજુ કરી પસંદગીનો નિર્ણય કરીને તે ઉપર સંબંધિત ટી.ડી.ઓ.ની બહાલી મેળવી લેવાની રહેશે. તાલુકા પંચાયતે હાથ ધરવાના કામો માટે કામોની પસંદગીનો નિર્ણય કરી તેની દરખાસ્ત વિકાસ કમિશનરને મોકલવાનો રહેશે. વિકાસ કમિશનર તેને બહાલી આપવાની રહેશે. એક જિલ્લાને મંજૂર થયેલ અનુદાનનો કોઈ પણ હિસ્સો બીજા જિલ્લાને તબદીલ કરી શકાશે નહીં.

(2) કેન્દ્ર સરકારમાં ગ્રાન્ટ મળે કે 5 દિવસમાં ગ્રાન્ટ તબદીલ કરવાની રહેશે. ગ્રામ પંચાયત/તાલુકા પંચાયત/જિલ્લા પંચાયતનાં બેંક એકાઉન્ટ છે તે તપાસી નિર્ણય લેવા ગ્રાન્ટ પંચાયતોને તબદીલ કરી દેવાની રહેશે. જ્યાં બેંકિંગ સુવિધા ઉપલબ્ધ ન હોય ત્યાં 10 દિવસ સુધીમાં જે તે અન્ય વ્યવસ્થા ગોઠવી ગ્રામ/તાલુકા/જિલ્લા પંચાયતના બેંક એકાઉન્ટમાં જમા કરવાના રહેશે.

(3) આ અનુદાનનો ઉપયોગ નાગરિક સેવાઓની જાળવણી માટે કરવાનો રહેશે. આ સેવામાં શુદ્ધ પીવાના પાણી માટેની યોજના, સ્યુખરેજ (ડ્રેનેજ), સૉલીડ વેસ્ટ મેનેજમેન્ટ અને સ્ટ્રીટ લાઈટના કામોનો સમાવેશ થાય છે. અનુદાનની રકમ ઉપરના કામો માટે કામના પ્રમાણમાં અને જરૂરિયાત અનુસાર ફાળવણી કરવાની રહેશે. કોઈ પણ કામ રૂ. 50 લાખથી વધારે રકમનું લઈ શકાશે નહીં.

(4) ભારત સરકાર કે રાજ્ય સરકારની અન્ય યોજના કે સાધનોમાંથી જે હેતુ માટે ખર્ચ કરવામાં આવ્યો હોય તેવા કામો માટે એ જ હેતુ માટે આ રકમ વાપરી શકાશે નહી એટલે કે યોજનાનો ખર્ચ બેવડાય નહી તે જોવાનું રહેશે. આ અંગેનું પ્રમાણપત્ર જિલ્લામાં સંબંધિત અધિકારીએ આપવાનું રહેશે.

(5) 13માં નાણાપંચ હેઠળ નવીન પાકા અને ટકાઉ કામો હાથ ધરવાના રહેશે અને થયેલ કામોની સંબંધિત પંચાયતના મિલ્કત રજિસ્ટરના અચુકપણે નોંધ કરવાની રહેશે.

(6) જિલ્લા પંચાયતે અનુદાનની રકમ પી.એલ.એ.માં રાખવાની રહેશે તથા તે અંગેના હિસાબો અલગ રીતે સંરક્ષણપણે નિભાવવાના રહેશે.

(7) પંચાયતોના હિસાબોનું ઑડિટ લોકલ ફંડ ઑડિટ વિભાગ અને કંટ્રોલર અને ઑડિટર જનરલ દ્વારા કરવાનું રહેશે.

(8) આ અનુદાનમાંથી કર્મચારીઓના પગાર તથા આકસ્મિક ખર્ચ, સ્ટેશનરી ખર્ચ, પ્રવાસ ભથ્થાં જેવા અન્ય કામો માટે ખર્ચ કરી શકાશે નહીં.

(9) ડેટાબેઝ તેમ જ ગ્રામ પંચાયતોના હિસાબો નોંધી નામા પદ્ધતિ પ્રમાણે તૈયાર કરી કૉમ્પ્યુટરાઈઝડ કરી વૅબ સર્વર ઉપર મુકવાની કાર્યવાહી કરવાની રહેશે.

*(સ્રોત: પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ ઠરાવ)*

# માન.ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી કામો હાથ ધરવા માટેની વધારાની માર્ગદર્શક યાદી

તમામ માન.ધારાસભ્યશ્રીઓ પોતાની ગ્રાન્ટમાંથી સૂચવી શકે તેવા વધારાના કામોની અધ્યતન સૂચી:

**અ. પ્રાથમિક શાળા**

**યોજનાઓઃ**

(૧) પ્રાથમિક શાળામાં જૂની કમ્પાઉન્ડ વોલ ઉપર વાયર ફેન્સીંગનું કામ. (૨) પ્રાથમિક શાળામાં તૂટી ગયેલું ફ્લોરીંગ રીપેર કરવાનું કામ. (૩) સરકારી પ્રાથમિક શાળા અને માધ્યમિક શાળાઓ પંચાયતો દ્વારા ચલાવાતી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના મરામત અને રૂ. ૨ લાખની મર્યાદામાં કામો. (૪) કોમ્પ્યુટરની ખરીદી માટે શિક્ષણ વિભાગની યોજનાઓ. રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની યોજનાઓ અને સ્વૈચ્છિક સંસ્થાઓ તરફથી નાણાંકીય સહયોગ/લાભ ન મળેલ હોય તેવી સરકારી અને ગ્રાઉન્ટ-ઈન એઈડ પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં કોમ્પ્યુટર ખરીદવાનું કામ મંજુર કરી શકાતું હતું. તેના બદલે સા.વ.વિ.(આ)ના તા.૮-૪-૨૦૧૧ના ઠરાવ ક્રમાંકઃ- વજઅ-૧૫૨૦૦૪-૩૬૬૫ (પાર્ટ-૧) (૨)-ય ની જોગવાઈ મુજબ હવે ફક્ત સરકારી પ્રાથમિક શાળામાં ૨ કોમ્પ્યુટરની ખરીદી કરી શકાશે. આ યોજના માટે શિક્ષણ વિભાગ દ્વારા જે બ્રાન્ડ કોન્ફીગ્યુરેશનના કોમ્પ્યુટર પુરા પડાયા હોય તે મુજબના જ કોમ્પ્યુટર જે તે શાળાને પુરા પાડવાના આવે તેવી વ્યવસ્થા ગોઠવવાની રહેશે. આ બાબતે જરૂર જણાયે શિક્ષણ વિભાગના સંબંધિત ખાતાના વડા સાથે પરામર્શમાં કાર્યપદ્ધતિ નક્કી કરવાની રહેશે. (૫) ગ્રામ્ય વિસ્તારમાં આવેલ રજીસ્ટર્ડ યુવક મંડળ / યુથ ક્લબ તેમજ વ્યાયામ શાળાઓમાં, અખાડાઓમાં વ્યાયામના સાધનો રમત ગમત અને કસરતનાં સાધનો માટે રૂ.૧૦,૦૦૦ સુધીની મર્યાદા (સા.વ.વિ.(આ) ના તા.૩-૯-૨૦૦૫ના ઠરાવ ક્રમાંકઃ- વજઅ-૧૫૨૦૦૪-૩૬૬૫-(પાર્ટ-૧)(૨)-ય. (૬) જે શાળામાં ભારત સરકારની જલમતી યોજના હેઠળ આર.ઓ.પ્લાન્ટ આપવામાં આવેલ હોય તે સિવાયની સરકારી / મહાનગરપાલિકા / નગરપાલિકા / ગ્રાન્ટ-ઈન-એઈડ પ્રાથમિક શાળાઓમાં શાળા દીઠ આર.ઓ.પ્લાન્ટની યોજના માટે ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી રૂ.૫૦,૦૦૦ (અંકે રૂપિયા પચાસ હજાર પુરા) અથવા આર.ઓ. પ્લાન્ટની અંદાજીત કિંમત બેમાંથી જે રકમ ઓછી હોય તેની મર્યાદામાં ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી ફાળવી શકાશે. સા.વ.વિ. (આ)ના તા.૮-૪-૨૦૧૧ના ઠરાવ ક્રમાંકઃ- વજઅ-૧૫૨૦૦૪-૩૬૬૫(પાર્ટ-૧)(૨)-ય) (૭) સરકારી પ્રાથમિક શાળામાં ધો-૧ થી ૮ના વિદ્યાર્થીઓને ઉપયોગી થઈ શકે તેવા પુસ્તકો વસાવવા અને પુસ્તકો સાચવવા માટે કબાટ ખરીદવાની યોજના માટે રૂ.૨૫૦૦૦ (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા)ની મર્યાદામાં ધારાસભ્યશ્રી ગ્રાન્ટમાંથી ફાળવી શકાશે. સા.વ.વિ.(આ)ના તા.૮-૪-૨૦૧૧ના ઠરાવ ક્રમાંકઃ-વજઅ-૧૫૨૦૦૪-૩૬૬૫ (પાર્ટ-૧) (૨)-ય

**બ. ગ્રામ્ય વીજળીકરણ**

**યોજનાઓ**

(૧) તમામ સરકારી છાત્રાલયો, આશ્રમ શાળાઓ, બાલવાડીઓ અને આંગણવાડીઓમાં વીજળીકરણનાં કામો. (૨) સોલર સ્ટ્રીટ લાઈટના કામો (જે વિસ્તારમાં ગુજરાત વિદ્યુત બોર્ડ ટેક્નિકલ કારણોસર વીજળીકરણ કરી શકે તેમ ન હોય અને તે અંગેનું ગુજરાત વિદ્યુત બોર્ડના પ્રમાણપત્રને ધીન) તા.૭-૧૧-૨૦૦૩નો ઠરાવ ક્રમાંકઃ વજઅ/૧૫૨૦૦૩/મંત્રી-૧૭/ય. (૩) લાઈન શીફ્ટીંગની યોજના (તા.૩૦-૧૨-૨૦૦૯ના ઠરાવ ક્રમાંકઃ વજઅ-૧૫૨૦૦૪-૩૬૬૫-ય)

**ક. પ્રાથમિક આરોગ્ય**

**યોજનાઓઃ**

(૧) સરકારી હોસ્પિટલ, કોમ્યુનિટી હેલ્થ સેન્ટર, પબ્લીક હેલ્થ સેન્ટરમાં આરોગ્ય અને તબીબી શિક્ષણ સેવાને લગતાં સાધનો ખરીદવાનું કામ. (૨) રક્તદાન કેન્દ્ર માટે તબીબી સાધનો રૂ. ૩ લાખની મર્યાદામાં (આવી સંસ્થાઓ સરકારના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા માન્ય હોવી જોઈએ) (૩) જીલ્લાના મુખ્ય મથકે આવેલ સરકારી હોસ્પિટલ તથા મહાનગરપાલિકા / નગરપાલિકા સંચાલિત હોસ્પિટલમાં આરોગ્ય વિષયક અદ્યતન મશીનો / સાધનો વસાવવા માટે સંબંધિત જીલ્લાના કોઈપણ ધારાસભ્યશ્રી રૂ. ૫ લાખ સુધીની રકમ ફાળવી શકશે. (૪) ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલીત હોસ્પિટલો કે જે સેવાભાવથી અને નહીં નુક્શાનના ધોરણે ચાલતી હોય તેવી હોસ્પિટલ માટે જીવન રક્ષક / નિદાન માટેના તાંત્રિક સાધનો માટે ૫૦ ટકા રકમ ટ્રસ્ટ દ્વારા અને ૫૦ ટકા ધારાસભ્યશ્રી ગ્રાન્ટમાંથી મહત્તમ રૂ. ૩ લાખની મર્યાદામાં મંજુર કરી શકાશે. (સા.વ.વિ. / આના તા.૨૬-૪-૨૦૧૧ ઠરાવ ક્રમાંકઃ વજઅ / ૧૫૨૦૧૦/૧૨/ય (પાર્ટ-૧).

**ડ. પાણી પુરવઠાના કામો**

**યોજનાઓઃ**

(૧) ગામના હયાત તળાવોને ઊંડા ઉતારવાના તથા હયાત તળાવમાં પાણી ભરવા માટેના વોંકળા, ગટર, નળીયા ઊંડા ઉતારવાના કામો. (રૂ. ૩ લાખની મર્યાદામાં). (૨) ગામના પીવાનાં પાણીના હયાત કૂવા ઊંડા ઉતારવા, બાંધવા તથા પાણીનો પીવા માટે ઉપયોગ કરવા લક્ષી તથા સુધારણાના કામો (રૂ. ૩ લાખની મર્યાદામાં). (૩) ગામ તળાવ ઊંડા કરવા અને સિંચાઈના કામો (રૂ. ૩ લાખની મર્યાદામાં). (૪) ગામ તળાવો અને સીમ તળાવો ઊંડા અને છિદ્રાળું કરવા માટેની કામગીરીમાં લોકફાળા પેટે જરૂરી રકમ સામે ખૂટતી રકમ ધારાસભ્યશ્રીઓની ગ્રાન્ટમાંથી ૧૦ ટકાની મર્યાદામાં ફાળવી શકાશે. (તા.૩-૯-૨૦૦૫નો ઠરાવ ક્રમાંકઃ વજઅ/૧૫૨૦૦૪/૩૬૬૫/(પાર્ટ-૧)/ય) (૫) સરદાર પટેલ સહભાગી જળ સંચય યોજના હેઠળના ચેકડેમના કામોની ૮૦:૨૦ની સ્કીમમાંથી ચોથા તબક્કાની ગ્રાન્ટની રકમ ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી મંજુર કરવા બાબતે. તા.(૧૭-૨-૨૦૦૬નો ઠરાવ ક્રમાંકઃ વજઅ/૧૫૨૦૦૪/૩૬૬૫/(પાર્ટ-૨)/ય)

*(સ્રોતઃ પંચાયતી રાજ)*

## નવા ચૂંટાયેલા પંચાયત પ્રતિનિધિઓની તાલીમ શિબિર



ગ્રામ પંચાયતોની ચૂંટણી ડિસેમ્બર, 2011માં સંપન્ન થઈ. 'ઉન્નતિ' દ્વારા તેના કાર્ય વિસ્તારમાં આ એક દિવસીય તાલીમ તા. 12.3.12ના રોજ ધોળકામાં, તા.24.2.12ના રોજ ખેડબ્રહ્મામાં અને તા. 13.2.12ના રોજ દસક્રોઈમાં યોજવામાં આવી હતી. તેમાં કુલ 95 પ્રતિનિધિઓએ તાલીમ લીધી હતી. નવા ચૂંટાયેલા પ્રતિનિધિઓમાં સરપંચો અને સભ્યો તેની સત્તા, ફરજો અને જવાબદારી વ્યવસ્થિત રીતે સમજી ગામના વિકાસ માટેનું યોગ્ય આયોજન કરી શકે તે હેતુ માટે આ તાલીમ રાખવામાં આવી હતી. આ તાલીમ શિબિરમાં જુદાં-જુદાં ગામોમાંથી આવેલ સરપંચો અને સભ્યોએ પોતાના અનુભવોની વાત કરી હતી, અને દરેકે પોતાની અપેક્ષાઓ જણાવી હતી. જેમાં આવતા પાંચ વર્ષમાં એક અસરકારક સરપંચ કે સભ્ય તરીકે પોતાના ગામનો વિકાસ કેવી રીતે કરવો તે અંગેની જાણકારી અને માહિતી મેળવવાની ઈચ્છા દર્શાવી હતી. આ તાલીમ શિબિરમાં દરેક સરપંચ અને સભ્યોએ હાલમાં પોતાની પંચાયતમાં પ્રશ્નોની વિસ્તૃત ચર્ચા કરી હતી અને આ પ્રશ્નોનું નિવારણ લેકભાગીદારી દ્વારા કેવી રીતે કરવું તે અંગેનું પંચાયત મુજબ આયોજન બનાવ્યું હતું.

## વિકલાંગતા પ્રમાણપત્ર કેમ્પ




તા. 13.4.12ના રોજ સામૂહિક આરોગ્ય કેન્દ્ર, રેફરલ હોસ્પિટલ, સિંગરવા ખાતે સવારે 11.00 કલાકે આ કેમ્પ યોજવામાં આવ્યો હતો. આ કેમ્પમાં 32 વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને ઉન્નતિ દ્વારા ચોસર અને ગામડી ગામમાંથી સિંગરવા કેમ્પના સ્થળ ઉપર લઈ જવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

તેમાં કુલ 31 વિકલાંગતાના કેસોમાંથી 4 વ્યક્તિઓ એમ.આર., 9 અંધત્વ, 16 ઓર્થોપેડિક વિકલાંગતા અને 2 કેસો ઈએનટીના હતા. આમાંથી 12 કેસોને વિકલાંગતા પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. આ કેમ્પ દ્વારા જે વિકલાંગોને વિકલાંગતા અંગે પ્રમાણપત્ર મળ્યું હતું તેઓ સંતોષની અને આનંદની લાગણી અનુભવતા હતા જેનું મુખ્ય કારણ હતું કે આટલાં વર્ષો પછી અને ઘણી મુશ્કેલી વેઠીને તેઓને પ્રથમવાર વિકલાંગતા અંગેનું પ્રમાણપત્ર મળ્યું હતું. જેના આધારે તેઓ સરકારશ્રીની યોજનાઓ મેળવી શકશે. ઉન્નતિ વિકાસ શિક્ષણ સંગઠન દ્વારા હજુ પણ જે બાકી રહી ગયેલા છે તેવા વિકલાંગોને પ્રમાણપત્ર મળી જાય તેવા પ્રયત્નો ચાલુ છે.

ઉન્નતિ
વિકાસ શિક્ષણ સંગઠન

જી-૧, ૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
ફોન: ૦૭૯-૨૬૭૪૬૧૪૫, ૨૬૭૩૩૨૯૬ ફેક્સ: ૦૭૯-૨૬૭૪૩૭૫૨.
ઈ-મેલ: hitendra@unnati.org વેબસાઈટ: www.unnati.org
ક્ષેત્રીય કાર્યાલય: ૬૫૦, રાધાકૃષ્ણપુરમ, લહેરિયા રિસોર્ટની નજીક, પાલ-ચોપાસની બાય-પાસ લિંક રોડ, જોધપુર, રાજસ્થાન.
ફોનઃ ૦૨૯૧-૩૨૦૪૬૧૮ ઈ-મેલ: jodhpur_unnati@unnati.org

ડિઝાઈનઃ રમેશ પટેલ, 'ઉન્નતિ'. મુદ્રણઃ બંસીધર ઓફસેટ, અમદાવાદ. ફોનઃ ૯૮૨૫૩૫૩૯૬૭

આપ લોકશિક્ષણ કે તાલીમ માટે વિચારમાં પ્રકાશિત સામગ્રીનો સહર્ષ ઉપયોગ કરી શકો છો. ઉપયોગ કરનારને વિનંતી કે આ સ્રોતનો ઉલ્લેખ કરવાનું ના ભૂલે તથા પોતાના ઉપયોગથી અમને માહિતગાર કરે કે જેથી અમે પણ કંઈક શીખી શકીએ.

*ફક્ત અંગત વિતરણ અને શૈક્ષણિક હેતુથી પ્રકાશિત*